सत्यमेव जयते

**દાખલ તારીખ:૦૩/૦૭/૨૦૧૭**
**ફેસલ તારીખ: ૦૭/૦૯/૨૦૨૨**
**સમયગાળો : વર્ષ માસ દિવસ**
**૦૫ – ૦૨ – ૦૪**

**એડી.ચીફ.મેટ્રોપોલીટન કોર્ટ નં. ૨૦ અમદાવાદ (કુ.એસ.પી.પટેલ ) સાહેબશ્રી અદાલતમાં**

**ક્રિ. કેસ નં. ૪૫૫૭૭/૨૦૧૭**
**આંક–૧૫**

**ફરિયાદી:** શ્રી સરકાર

**વિરૂઘ્ધ**

**આરોપી:** પ્રકાશ સ/ઓ હરીઆનંદ ઉર્ફે હરીલાલ પંચાલ ઉ.વ.૨૨
રહેઃ– ૩૧૦, હેમાપાર્ક સોસા., મહાલક્ષ્મી બેકરીની બાજુમાં,
અંબિકાનગર, ઓઢવ,અમદાવાદ

**ગુનોઃ ઈ.પી.કો.કલમ–૩૨૪,૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ– ૧૩૫(૧) મુજબ**

---

**ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામી**
**આરોપીઓ તરફે વિ.વ.એ.કે.ગઢવી**

---

**<u>ચુકાદો</u>**

૧. ફરિયાદપક્ષનાં કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીને તથા ફરિયાદી ને અગાઉ પ્રેમ સંબંધ હોય અને ગઈ તા. ૧૧/૧૧/૧૬ના કલાક ૧૮:૩૦ વાગ્યાના સુમારે ફરિયાદી ચાલતા ચાલતા અંબિકા એસ્ટેટ નેશનલ પાણીની ટાંકીના કારખાનાની બાજુની ગલીમાં જાહેર રોડ ઉપર જતા હતા ત્યારે આરોપીએ ફરિયાદીને સાથે આવવાનું કહેતાં ફરિયાદીએ ના પાડતાં આરોપીએ એકદમ ઉશ્કેરાઈને ફરિયાદીને બિભત્સ ગાળો આપી પોતાના પેન્ટના ખિસ્સામાંથી સ્ટીલના હાથાવાળું ચપ્પુ કાઢી ફરિયાદીને ડાબા ગાલ ઉપર ઘા મારી ઈજા કરી મહે. પો.કમિ.શ્રીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ

કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત.ક.અમલદારે ફ.ગુ.ર.નં.૧૫૦/૧૬થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી.કો.કલમ–૩૨૪,૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરેલ છે.

૨. આ કામના આરોપીને સમન્સની કાયદેસરની બજવણી થતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીને મળી ગયા અંગેની ખાત્રી આંક–૧ લગત કરેલ છે. આરોપી સામે આંક–૦૬થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક–૦૭થી પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો શરૂ થાય તે પહેલા પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ જતાં આંક–૧૪થી સમાધાન પુરસીસ રજૂ રાખેલ છે. જે પુરસીસ રેકર્ડર્ડ કરવામાં આવી ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

૩. ફરિયાદ પક્ષે તેમનો કેસ સાબિત કરવા માટે નીચે જણાવેલ મૌખિક તથા લેખિત પુરાવો રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદી અંજલીબેન નરેન્દ્રભાઈ કોળીની જુબાની | આંક–૦૯ |
| ૨ | ફરિયાદ | આંક–૧૦ |
| ૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું | આંક–૧૧ |
| ૪ | મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું | આંક–૧૨ |
| ૫ | ફરિયાદીનું ઈજા અંગેનું સર્ટીફીકેટ | આંક–૧૩ |
| ૬ | કલોઝીંગ પુરસીસ | આંક–૧૪ |

૪. આ સિવાય વધુ કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ પુરાવો ધ્યાને લેતા ક્રિ.પ્રો.કોડની કલમઃ ૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરતો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. ફરિયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામીને તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી એ.કે.ગઢવીને સાંભળવામાં આવ્યા છે.

૬. સદરહું કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

૧. શું ફરિયાપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીને તથા ફરિયાદી ને અગાઉ પ્રેમ સંબંધ હોય બનાવ તારીખે, સમયે અને સ્થળે જાહેર રોડ ઉપર જતા હતા ત્યારે આરોપીએ ફરિયાદીને સાથે આવવાનું કહેતાં ફરિયાદીએ ના પાડતાં આરોપીએ ઉશ્કેરાઈને ફરિયાદીને બિભત્સ ગાળો આપી હથિયાર વડે ઈજા કરી મહે.પો.કમિ.શ્રીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ઈ.પી. કો.કલમ–૩૨૪,૨૯૪(ખ) તથા જી.પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબનો સજા ને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**કારણો**

**મુદ્દાનં. ૧ઃ–**

(૮) આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદ પક્ષે આંક–૦૯ થી ફરિયાદી અંજલીબેન નરેન્દ્રભાઈ કોળીને તપાસેલ છે,તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ ૨૦૧૬ ના વર્ષમાં બનેલો. તે વખતે તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજું કાંઈ બનેલ નહી. બનાવની હકીકત વિશે તેઓ કાંઈ જાણતા નથી. તેઓને અસલ ફરિયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૦થી ફરિયાદ રજુ રાખેલ છે. આમ, ફરિયાદી પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ. એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. ત્યારબાદ બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, આરોપીએ તેઓને ચપ્પાથી કોઈ પણ પ્રકારની ઈજા કરેલ નથી કે ગાળો બોલેલ નથી. એ હકીકત સ્વીકારે છે કે, તેઓને આરોપી સાથે રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે.

**(૯)** હાલના કામે તપાસવામાં આવેલ સાહેદની જુબાની સિવાય અન્ય કોઈ પુરાવો વિશેષ મહત્વનો રહેતો નથી. આ ઉપરાંત **૧૯૯૬(૩)ક્રાઈમ્સ પાન નં. ૮૫ ઉપર ના.સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિરૂઘ્ઘ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચૂકાદામાં** સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાહેદ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાહેદો કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આપવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખી અદાલતનો કિંમતી સમય દુર્વ્યય થતો અટકાવવો જોઈએ. આમ, સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ઘાંત ઘ્યાને લેતા તેનું મુખ્ય હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવેલ તમામે તમામ સાહેદો અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી નથી. એટલું જ નહી, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાહેદો તપાસાઈ ગયા હોય અને તેઓની જુબાની ઘ્યાને લેતાં અદાલતને લાગે છે કે, વિશેષ સાહેદો તપાસવા તે ઔપચારિકતા જ છે. અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી છે તે જોતાં વિશેષ પુરાવો આ કામમાં લેવો યોગ્ય જણાવેલ નથી.

**(૧૦)** પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓની નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે જયારે ફરિયાદપક્ષના કેસમાં સહેજ પણ શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને આપવો પડે. કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ પુરાવો ઘ્યાને લેતાં આ કામના ફરિયાદી પોતાના પુરાવામાં આરોપી સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલાનું જણાવે છે તેમજ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન આરોપીએ તેમને ગાળો આપેલ ન હોવાની અને કોઈ હથિયાર વડે ઈજા કરેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જે સંજોગોમાં ફરિયાદપક્ષ આ કામના આરોપી સામે આક્ષેપિત ગુનાનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુ ક મ ::**

આ કામના આરોપી પ્રકાશ સ/ઓ હરીઆનંદ ઉર્ફે હરીલાલ પંચાલ ઉ.વ.૨૨,રહેઃ–૩૧૦, હેમા પાર્ક સોસા., મહાલક્ષ્મી બેકરીની બાજુમાં, અંબિકાનગર, ઓઢવ,અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ–૩૨૪,૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ– ૧૩૫(૧)

મુજબના શિક્ષા પાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

અપીલ સમય વીત્યા બાદ મુદ્દામાલ (ચપ્પા)નો નાશ કરવો.

આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

આ હુકમ આજ રોજ **તા.૦૭,** માહે **સપ્ટેમ્બર**, સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૯/૨૦૨૨<br>
મુ.અમદાવાદ.

**(કુ.સ્મિતાબહેન પ્રકાશચંદ્ર પટેલ)**<br>
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>
કોર્ટ નં.૨૦,અમદાવાદ.

**CODE NO. GJ01123**